# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in





# પ્રિય સન્નારી


કેમ છો?

વેલેન્ટાઈન્સ ડે મનાવી લીધો, કેટકેટલા લગ્નપ્રસંગોમાં જઈ આવ્યાં તો ચોક્કસ મજામાં જ હશો ને... મિત્રો, લગ્નજીવન રૂપી દાળમાં રોમાન્સનો વઘાર કરવાથી જીવન મસ્ત ટેસ્ટી બની જાય છે. ખરું ને? પરંતુ, જો દાળ જ બરાબર ન હોય તો આપણે તેનો સ્વાદ બદલવા માટે ગમે તેટલો વઘાર કે અન્ય કોઈ પ્રયાસ કરીએ તો પણ, તે દાળ બગડેલી જ રહે છે. અંતે, તે ફેંકી દેવી પડે છે. તમને થશે વળી, આમ તે કંઈ થતું હશે? દાળ ભલે ફેંકી દઈએ પરંતુ લગ્ન છે....એ કેવી રીતે તોડી શકાય?

બરાબર છે તમારી વાત. લગ્ન છે.... એમ કંઈ તોડી શકાય?! પરંતુ, અમુક પરિસ્થિતિઓ એવી હોય છે તેમાંથી બહાર નીકળી જવું જ હિતાવહ હોય છે. તાજેતરમાં, તમે એક સમાચાર વાંચ્યા હશે કે દિલ્હીમાં એક પતિએ તેની પત્ની જે એક મહિલા SWAT કમાન્ડો હતી તેની હત્યા કરી નાખી. પતિ તેને મારતો હતો અને દહેજ માટે પણ તેનાં સાસરિયાં તરફથી ઘણી વાર હેરાન કરવામાં આવતી હતી. જેનો મતલબ એ કે પતિ જો પત્નીને મારતો હોય તો તેમાં તેનાં સાસુ-સસરા મૂક પ્રેક્ષક બની રહે છે. એક રીતે તેને આવું હીન કૃત્ય કરવા ઉશ્કેરે છે. અહીં, મા-બાપની ભૂમિકા ચિંતાનો વિષય બની રહે છે કારણ કે આખરે જે સંસ્કાર તેમણે પોતાના છોકરાને આપ્યા હશે તે જ પ્રમાણે તેનું તેની પત્ની સાથેનું વર્તન રહે છે. આ



કિસ્સો સાંભળ્યા બાદ આપણને સવાલ થાય કે એક તાલીમબદ્ધ મહિલા SWAT કમાન્ડો પણ જો પોતાની રક્ષા ન કરી શકે તો અન્ય સામાન્ય મહિલાઓનું શું થાય? શું આ મહિલાએ આત્મરક્ષા માટે કશું જ કર્યું ન હોય? અને વળી, જો પતિ વારંવાર હાથ ઉપાડતો હોય તો પછી આવા લગ્નમાં તે શા માટે ટકી રહી? આ બધાંની પાછળ આપણી પરંપરાગત માન્યતાઓ જવાબદાર હોય શકે જે બાળપણથી જ છોકરીઓના મનમાં મજબૂત રીતે ઠસાવી દેવામાં આવે છે. પતિ



મારે તો તે ‘નોર્મલ’ કહેવાય કે પતિને ‘પરમેશ્વર’ માનીને તેનું દરેક અયોગ્ય વર્તન સહન કરવું, લગ્ન બાદ છૂટાછેડા તો ન જ લેવાય અને વગેરે વગેરે... આવી વિચારસરણીની સાંકળોથી બંધાયેલું સ્ત્રીનું મન પતિ જ્યારે હાથ ઉપાડે ત્યારે ભલે ને કમાન્ડો પણ કેમ ન હોય, એ આત્મરક્ષા કરી નથી શકતી અને આમ, સહન કર્યા કરવાની આદતને કારણે તેણે અંતે પોતાના જીવનો ભોગ આપવો પડે છે.

ઘરેલુ હિંસાની વાત હોય તો તેવા લગ્નમાંથી તો છૂટા થઈ જવું જ સારું કારણ કે જ્યાં આત્મસન્માન જળવાતું ન હોય ત્યાં પ્રેમ કેવો? અને જો પ્રેમ અને આત્મસન્માન ન હોય તો તે સંબંધ પોલો થઈ જાય છે. આપણે ઘણી વાર સમાચારમાં સ્ત્રીઓ વિરુદ્ધ ગુનાઓ થતાં સાંભળ્યા છે, વાંચ્યા છે. અરે, કયારેક તો ગુનો કરનાર માત્ર ૧૩-૧૪ વર્ષના છોકરાઓ જ હોય છે ત્યારે પ્રશ્ન થાય કે આપણે કેવો સમાજ ઘડી રહ્યા છીએ? આવા સમાજમાં કોઈ શિક્ષિત સ્ત્રી હોય કે કોઈ મહિલા SWAT કમાન્ડો હોય કે ૬-૭ વર્ષની છોકરી હોય તે પણ સુરક્ષિત નથી. ત્યારે થાય કે સ્ત્રીઓને ફક્ત આર્થિક અને શારીરિક રીતે જ સધ્ધર કરવાની નથી, તેમને માનસિક રીતે પણ સધ્ધર કરવાની જરૂર છે. જેથી તેઓ હિંમતથી પોતાનો નિર્ણય લઈ શકે, પોતાનો અવાજ ઉઠાવી શકે.

હવે રહી વાત સમાજઘડતરની તો તે જવાબદારી મા-બાપ અને શાળા બંનેની છે. છોકરો હોય કે છોકરી માતા-પિતાએ બંનેને એવા સંસ્કાર આપવા જોઈએ કે તેઓ એકબીજાનાં રીસ્પેક્ટ કરતાં શીખે. સ્ત્રી અને પુરુષ બંને એકબીજાના અસ્તિત્વનો સ્વીકાર કરે. જયારે પણ કોઈ સ્ત્રી વિરુદ્ધ ગુનો થાય છે ત્યારે કયાંક ને ક્યાંક એક મા-બાપ તરીકે કોઈક નિષ્ફળ જાય છે કારણ કે મા-બાપ ફક્ત બાળઉછેર જ નથી કરતાં, સમાજઘડતર પણ કરે છે. તેમના આપેલા સંસ્કાર ભવિષ્યના સમાજનું બંધારણ બની રહે છે. દરેક મા-બાપ, દરેક શાળા અને દરેક શિક્ષક પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવે ત્યારે જ સ્વસ્થ સમાજનું ઘડતર થઈ શકે. આ આપણું પ્રથમ કર્તવ્ય છે કે આપણે બાળકોને, તેમાંય ખાસ કરીને છોકરાઓને એવા સંસ્કાર આપીએ, સાચું શિક્ષણ આપીએ જેથી તેઓ સ્ત્રીનું સન્માન કરતાં શીખે. તો બીજી બાજુ, છોકરીઓને પણ માનસિક રીતે સજ્જ અને હિંમતવાન બનાવવી જોઈએ જેથી તેઓ દરેક પરિસ્થિતિઓનો સામનો હિંમતથી કરી શકે. તમને શું લાગે છે? જરૂરથી જણાવો. ચાલો, ફરી મળીશું આવતા સપ્તાહે....

– સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર મ્રિદુલ શર્મા અને રોનક શર્માની છે. બન્નેએ માસ કોમ્યુનિકેશન અને જર્નાલિઝમ કર્યું છે.એમને ફોટોગ્રાફી અને ટ્રાવેલિંગનો શોખ છે.